OCR
RECOGNISING ACHIEVEMENT

# Friday 7 June 2013 – Afternoon

## A2 GCE GUJARATI

**F884/01** Listening, Reading and Writing 2

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
- Special Sheet (inserted)
- CD

**Other materials required:**
None

**Duration:** 2 hours 45 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

**INSTRUCTIONS TO CANDIDATES**

- The Insert will be found in the centre of this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. Additional paper may be used if necessary but you must clearly show your candidate number, centre number and question number(s).
- Answer **all** the questions in Section A and B and **one** question in Section C.
- Do **not** write in the bar codes.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are three sections in this paper.
  **SECTION A: 38 Marks Listening and Writing**
  **SECTION B: 77 Marks Reading and Writing**
  **SECTION C: 45 Marks Writing**
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2013 [K/500/8404]
DC (AC) 63689/3
OCR is an exempt Charity

## Section A: Listening and Writing

*Recommended time for Section A: 30 minutes*

### Task 1: Listening

### BURGLARIES IN GUJARATI HOMES

**Listen to the recording and answer the following questions IN ENGLISH.** **[6 marks]**

**(a)** In addition to installing burglar alarms what do Gujarati people in the UK do to secure their homes?

........................................................................................................................................ **[1]**

**(b)** What two things do burglars often look for?

**(i)** ........................................................................................................................................ **[1]**

**(ii)** ........................................................................................................................................ **[1]**

**(c)** When is a Gujarati home especially at risk of burglary?

........................................................................................................................................ **[1]**

**(d)** Apart from missing items how would a house owner know that they have been burgled?

........................................................................................................................................ **[1]**

**(e)** Why is it hard to recover the stolen goods?

........................................................................................................................................ **[1]**

© OCR 2013

સવાલ ૨ : શ્રવણ

## મનુભાઈનો પ્રકૃતિ પ્રેમ

**વાર્તા સાંભળીને નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો.**

**[૨૨ ગુણ વાચનબોધ માટે અને ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

**(ક)** મનુભાઈના બાળપણમાં તેમના કુટુંબીજનો તેમના કુદરત માટેના પ્રેમને કઈ રીતે પ્રોત્સાહન આપતા?

**(૧)** તેમનાં દાદીમા?........................................................................................................**[૧]**

**(૨)** તેમના દાદાજી? ...........................................................................................**[૧]**

**(૩)** તેમનાં માતાપિતા? ........................................................................................ **[૧]**

**(ખ)** મનુભાઈએ પોતે કયો વ્યવસાય અપનાવ્યો અને તેને માટે શું તૈયારી કરી?

**(૧)** કયો વ્યવસાય? ............................................................................................**[૧]**

**(૨)** શું તૈયારી? .................................................................................................**[૧]**

**(ગ)** મનુભાઈ તેમના વ્યવસાયમાં પર્યાવરણ માટે કઈ કઈ રીતે કાળજી લેતા?

**(૧)**..........................................................................................................................**[૧]**

**(૨)**..........................................................................................................................**[૧]**

**(ઘ)** લોકો શા માટે મનુભાઈનાં વાડી-ખેતરની પેદાશ માંગતા?

..............................................................................................................................**[૧]**

**(ચ)** મનુભાઈ પોતાના શિક્ષણનો લાભ બીજા ખેડૂતોને કેવી રીતે આપતા?

..............................................................................................................................**[૧]**

**(છ)** સિત્તેર વર્ષના મનુભાઈને શા માટે સુખી માણસ કહી શકાય?

**(૧)**..........................................................................................................................**[૧]**

**(૨)**..........................................................................................................................**[૧]**

© OCR 2013

Turn over

(જ) મનુભાઈએ શા માટે નિવૃત્ત થવાનું નક્કી કર્યું?

............................................................................................................................[૧]

(ઝ) લોકોના કયા કાર્યથી મનુભાઈ દુખી થતા?

............................................................................................................................[૧]

(ટ) આ બાબતથી મનુભાઈને શા માટે દુખ થતું?

(૧) ......................................................................................................................[૧]

(૨) ......................................................................................................................[૧]

(ઠ) ગામને સુંદર બનાવવા ગામના લોકોએ શું શું કર્યું?

(૧) ......................................................................................................................[૧]

(૨) ......................................................................................................................[૧]

(ડ) બાળકોએ આ કામમાં કેવી રીતે સાથ આપ્યો?

............................................................................................................................[૧]

(ઢ) મનુભાઈએ વરસાદની મોસમ શરૂ થઈ તે પહેલાં શું કર્યું?

............................................................................................................................[૧]

(ણ) તેમના કુટુંબના સભ્યોએ તેમના કામમાં કઈ રીતે સાથ આપ્યો?

............................................................................................................................[૧]

(ત) મનુભાઈના પ્રયત્નોને કારણે વૃક્ષો ઊગાડવાં ઉપરાંત કઈ કઈ રીતે કુદરતી વાતાવરણ સુધારી શકાયું?

(૧) ......................................................................................................................[૧]

(૨) ......................................................................................................................[૧]

© OCR 2013

## Section B: Reading and Writing

*Recommended time for Section B: 1 hour and 15 minutes*

**In Section B there are 10 marks for the Quality of Language.**

**સવાલ ૩ થી ૭**

**સવાલ ૩ થી ૭માં બધા જ સવાલો એક જ લેખ "ગુજરાતના તહેવારો અને ઉત્સવો" પર આધારિત છે.**

**નીચેનો લેખ વાંચો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

### ગુજરાતના તહેવારો અને ઉત્સવો

૧ તહેવારો મનુષ્યના રોજિંદા જીવનમાં અનેરો રંગ પૂરે છે. ઉત્સવોની ધાર્મિક વિધિઓને કારણે આપણી પ્રભુ પ્રત્યેની આસ્થા વધે છે. સામાજિક તહેવારો સમાજના સભ્યોની એકતા વધારે છે અને રાષ્ટ્રીય તહેવારો આબાલવૃદ્ધ સૌમાં રાષ્ટ્રભક્તિની ભાવના ભરે છે. ઋતુઓના તહેવારો આપણને પ્રકૃતિની વિશાળતા વિશે જાગૃત કરીને પર્યાવરણનું રક્ષણ કરવાની પ્રેરણા આપે છે. આમ તહેવારોમાં આપણે આપણી સંસ્કૃતિનું જતન કરવાનો પ્રયત્ન કરીએ છીએ.

૨ ગુજરાતના તહેવારોમાં સૌ સાથે મળીને આનંદ કરે છે તેથી સૌનાં તન-મન તાજગી અનુભવે છે. આ ઉપરાંત ઉત્સવ દરમિયાન સમાજને, દેશને અને પર્યાવરણને લાભ થાય તેવી અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. અંગકસરતના ખેલોના પ્રદર્શન માટે તૈયારી કરીને યુવાનો પોતાનું સ્વાસ્થ્ય સુધારે છે. લોકો નાના મોટા પ્રવાસો દ્વારા પ્રકૃતિ સૌંદર્ય માણીને મનના તણાવને દૂર કરે છે. ધનિક લોકો આ દિવસોમાં ગરીબોને ભોજન-કપડાં, પશુને ઘાસચારો અને પંખીને ચણ આપવાનું ચૂકતા નથી.

૩ ગુજરાતના તહેવારો રાજ્યના વ્યવસાયો માટે પણ લાભ લાવે છે. તહેવારોની તૈયારીમાં થતાં સાફસૂફી, રંગરોગાન કે શણગાર જેવી પ્રવૃત્તિઓમાં ગુજરાતના કારીગરોને પૂરતાં કામકાજ મળી રહે છે. દિવાળી પર કપડાં અને વાસણની દુકાનો ગ્રાહકોથી છલકાતી હોય છે તો રમઝાન મહિનામાં લોકો ખજૂર ખરીદવા પડાપડી કરે છે. તે ઉપરાંત વારતહેવારે યોજવામાં આવતા મેળાઓમાં કેટલાય નાનામોટા વ્યાપારીઓ લોકોને મોજમજા કરાવીને સારી કમાણી કરી લે છે. મકરસંક્રાંતિના પતંગ ઉત્સવે તો ગુજરાતને વિશ્વભરમાં પ્રખ્યાત કર્યું છે.

૪ જો કે, તહેવારોના સમયે દુકાનદારો માલના ભાવ એટલા ઊંચા કરી દે છે કે ઓછી આવાકવાળા લોકોને ખરીદી કરવાનું પોસાતું નથી. મધ્યમ વર્ગના લોકો દેખાદેખીને કારણે વધારે પડતી ખરીદી કરીને પછી પૈસાની તાણ અનુભવે છે. દિવાળીના તહેવારમાં ફોડવામાં આવતા ફટાકડા બધે ધુમાડો પ્રસરાવે છે. ક્યારેક ભેટોની લેણદેણને કારણે આ મોટા તહેવાર વખતે સંબંધીઓમાં મનદુખ થાય છે. નવરાત્રિ દરમિયાન યુવતીઓ ખૂબ ઊંચા ભાવે છેલ્લામાં છેલ્લી ફેશનના કપડાં ખરીદવા એકબીજા સાથે હરીફાઈ કરે છે. અડધું શરીર ખુલ્લું રહે તેવા પહેરવેશ પહેરીને ગરબે ઘૂમતી યુવતીઓ યુવાનોની છેડતીનો વિષય બને છે. આમ છતાં, તહેવારોની ઊજવણીઓમાં લોકો રીતરિવાજોને જાળવે છે, કારીગરોને કમાવાની તકો મળે છે અને દેશમાં એકતાની ભાવના પ્રસરે છે એ કેટલું સરસ છે.

© OCR 2013

**સવાલ ૩**

**ફકરો પહેલો**

**નીચે આપેલાં અધૂરાં વાક્યો વાંચો.** **[૬ ગુણ]**

| | |
|---|---|
| ૧. | **…** લોકોમાં દેશપ્રેમની ભાવના ફેલાવે છે. |
| ૨. | … આપણી શ્રદ્ધાને વધારે છે. |
| ૩. | … વધારે વ્યસ્ત બનાવે છે. |
| ૪. | … કુદરતને ફાયદો થાય એવાં કાર્યો કરે છે. |
| ૫. | … ફક્ત મજા જ કરીએ છીએ. |
| ૬. | … વધારે રસમય બનાવે છે. |
| ૭. | … લોકોને એકબીજાની નજીક લાવે છે. |
| ૮. | … આપણને કાર્યરત કરે છે. |
| ૯. | … સંસ્કૃતિ જાળવવાની કોશીશ કરીએ છીએ. |
| ૧૦. | … નવી ઋતુને આવકારે છે. |

**નીચે આપેલાં દરેક અધૂરા વાક્યને ફકરા પ્રમાણે પૂરું કરવા ઉપરના કોષ્ટકમાંથી યોગ્ય અર્ધવાક્ય શોધી તેનો નંબર ખાનામાં લખો.**

**(ક)** તહેવારો આપણા જીવનને … ☐

**(ખ)** ઊજવણીની ધાર્મિક ક્રિયાઓ … ☐

**(ગ)** સમાજને લગતા ઊત્સવો … ☐

**(ઘ)** રાષ્ટ્રીય તહેવારો … ☐

**(ચ)** ઋતુઓના ઉત્સવોમાં લોકો … ☐

**(છ)** તહેવારોની ઊજવણીમાં આપણે … ☐

© OCR 2013

સવાલ ૪

ફકરો પહેલો

**નીચે શબ્દો આપ્યા છે તેના સમાન અર્થવાળા શબ્દો પહેલા ફકરામાંથી શોધીને લખો.** **[૯ ગુણ]**

**(ક)** હંમેશના .......................... **[૧]**

**(ખ)** જુદો જ .......................... **[૧]**

**(ગ)** ભગવાન ........................... **[૧]**

**(ઘ)** સંપ ............................ **[૧]**

**(ચ)** નાનાંમોટાં ............................ **[૧]**

**(છ)** લાગણી ............................ **[૧]**

**(જ)** ભવ્યતા ............................ **[૧]**

**(ઝ)** પ્રોત્સાહન ............................ **[૧]**

**(ટ)** જાળવણી ............................ **[૧]**

© OCR 2013

**સવાલ ૫**

**ફકરો બીજો**

**એક અથવા એકથી વધારે શબ્દો વડે લેખના અર્થ પ્રમાણે ખાલી જગ્યા પૂરો.** **[૫ ગુણ]**

તહેવારોની ઊજવણીમાં **(ક)** ..................................... આનંદને કારણે આપણાં તનમન તાજાં થાય છે. વળી ઊજવણીઓમાં સૌને માટે **(ખ)** ..................................... હોય એવાં કાર્યો પણ થાય છે. યુવાનો તેમના કસરતના ખેલો માટે પોતાના શરીરને **(ગ)** ..................................... બનાવે છે. રોજના જીવનથી થાકેલા લોકો તેમનાં મનને હળવું **(ઘ)** ..................................... કુદરતી વાતાવરણ હોય એવી જગ્યાએ ફરવા જાય છે. પૈસાદાર લોકો ગરીબોને દાન **(ચ)** ..................................... પુણ્ય ભેગું કરે છે.

**સવાલ ૬**

**ફકરો ત્રીજો**

**નીચેનાં વાક્યોને લેખ પ્રમાણે પૂરાં કરો.** **[૫ ગુણ]**

**(ક)** તહેવારોના સમયમાં ગુજરાતના વ્યાપાર અને બીજા કામકાજમાં તેજી .................................. . **[૧]**

**(ખ)** ખરીદીકેન્દ્રો દિવાળીની ખરીદી કરવા નીકળેલા લોકોથી ...................................... . **[૧]**

**(ગ)** રમઝાન મહિનામાં વેચાતી તાજી ખજૂર ઘણા લોકોને ..................................... . **[૧]**

**(ઘ)** મેળામાં મોજમજા કરવા ગયેલા લોકો ત્યાંના વ્યાપારીઓને નફો ...................................... . **[૧]**

**(ચ)** પતંગના ઉત્સવને કારણે ગુજરાતનું નામ આખા જગતમાં જાણીતું ...................................... . **[૧]**

© OCR 2013

સવાલ ૭

ફકરો ચોથો

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.**

**[૧૦ ગુણ]**

**(ક)** ઓછી કમાણીવાળા લોકો માટે તહેવારોના સમયમાં ખરીદી કરવાનું શા માટે મુશ્કેલીભર્યું બની જાય છે?

.......................................................................................................................**[૧]**

**(ખ)** બીજા જેવું કરવાની ઈચ્છાને કારણે લોકો શું કરે છે અને આની શી અસર થાય છે?

.......................................................................................................................

.......................................................................................................................**[૨]**

**(ગ)** કઈ કઈ બાબતો દિવાળીના આનંદને ઘટાડી શકે?

.......................................................................................................................

.......................................................................................................................**[૨]**

**(ઘ)** નવરાત્રિ વખતે યુવતીઓ શા માટે કપડાં માટે ખૂબ પૈસા ખર્ચે કરે છે?

.......................................................................................................................**[૧]**

**(ચ)** યુવતીઓ કેવી રીતે પોતાની પ્રત્યે આકર્ષણ ઊભું કરે છે?

.......................................................................................................................**[૧]**

**(છ)** ગુજરાતના તહેવારો સમાજ અને દેશ માટે કયા કયા લાભ લાવે છે?

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................**[3]**

© OCR 2013

**સવાલ ૮ થી ૧૧**

**સવાલ ૮ થી ૧૧માં બધા જ સવાલો એક જ લેખ "ઇન્ટરનેટ – એક વરદાન?" પર આધારિત છે.**

**નીચે આપેલો લેખ વાંચો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**ઇન્ટરનેટ – એક વરદાન?**

૧ સંદેશવ્યવહારના વિકાસનો ઈતિહાસ ખૂબ રસપ્રદ છે. પથ્થરયુગમાં મનુષ્ય ફક્ત ચાલીને એકબીજાને સંદેશા પહોંચાડતો. જેમ જેમ સમાજનો વિકાસ થતો ગયો તેમ તેમ સંદેશવ્યવહારનો પણ વિકાસ થતો રહ્યો. ટપાલ અને ટેલિફોનની સેવાઓ દ્વારા લોકો વર્ષોથી એકબીજાનો સંપર્ક કરતા રહ્યા છે. અત્યારે ઇન્ટરનેટનો ઉપયોગ ઠેર ઠેર થઈ રહ્યો છે.

૨ કમ્પ્યૂટરની આ સેવા છેલ્લાં વીસ-પચ્ચીસ વર્ષનો ટેકનોલોજીનો એક આશ્ચર્યકારક વિકાસ છે અને અત્યારે તો ઇન્ટરનેટ આપણામાંથી ઘણાના જીવનનો મહત્ત્વનો ભાગ બની ચૂકયું છે. એણે આખા જગતને આપણી આંગળીઓને ટેરવે મૂકી દીધું છે અને સાથે સાથે તે દુનિયાના કોઈ પણ ભાગના લોકો માટે હળવામળવાની જગા બની ગયું છે. આ સુવિધા વાપરવા માટે આપણી પાસે કોઈ યોગ્ય યંત્ર અને 'ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર' હોવાં જરૂરી છે. પછી તો આપણે થોડીક જ સેકન્ડોમાં દુનિયાને બીજે છેડે કોઈનો પણ સંપર્ક કરી શકીએ છીએ.

3 ઇન્ટરનેટનું <u>મુખ્ય લક્ષ્ય</u> સંદેશવ્યવહારને સુધારવાનું હતું અને એમાં ઇન્ટરનેટ આપણી અપેક્ષાઓથી કયાંય <u>આગળ નીકળી ગયું છે</u>. આપણે 'ગૂગલ' કે 'યાહુ' જેવી સેવાઓ વાપરીને કોઈ પણ વિષય વિશે વિગતો મેળવી શકીએ છીએ. વિદ્યાર્થીઓ નિશાળના કામ માટે ઇન્ટરનેટ પર <u>શોધખોળ કરતા રહે છે.</u> 'ચેટ રૂમ'માં <u>રસિક જનો</u> સાથે વાતચીત કરવાથી માંડીને પોતાને માટે <u>જીવનસાથી</u> શોધવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ <u>દિવસે દિવસે</u> વધતો જાય છે. માલ-સામાનની ખરીદી પણ ઇન્ટરનેટ દ્વારા કરી શકાય છે.

૪ ઇન્ટરનેટ વાપરવાનું એટલું રોમાંચક છે કે ફક્ત કલાક માટે વાપરવાનું નક્કી કરીએ તો પણ ત્રણ ચાર કલાક સહેલાઈથી નીકળી જાય છે. આપણો સમય બગડે છે અને બેઠાડુ બની જવાને કારણે આપણી તંદુરસ્તીને હાનિ પહોંચે છે. જો ગુંડા લોકોને આપણી અંગત માહિતી મળી જાય તો તેઓ આપણા બેંકના ખાતામાંથી પૈસા ચોરી લે છે. ભોળા લોકો પોતાની અંગત માહિતી આપવાની વિનંતીઓનો જવાબ આપીને અથવા તેમના કમ્પ્યૂટરને હુમલાઓ સામે ખોલીને છેતરાઈ શકે છે. કમ્પ્યૂટરના 'વાઈરસ હુમલા' આપણી 'હાર્ડ ડિસ્ક'ને ખોટકાવી નાખે છે અને પછી બધી માહિતી પાછી મેળવતાં નાકે દમ આવી જાય છે. ઇન્ટરનેટ પર આવતી અમુક માહિતી બાળકોના કુમળા મનને ખરાબ કરે છે. તેમ છતાં, આપણે સુરક્ષાની સલાહનું કાળજીપૂર્વક પાલન કરીએ તો ઇન્ટરનેટ ખરેખર એક વરદાન સમાન છે.

© OCR 2013

**Task 8: Transfer of meaning**

**Paragraph one**

**Transfer into ENGLISH the meaning of the first paragraph from** 'સંદેશવ્યવહારના વિકાસનો ઈતિહાસ' **to** 'ઠેર ઠેર થઈ રહ્યો છે.'

**Marks are awarded for accurate transfer of meaning and the quality of your written English.**
**[10 marks]**

© OCR 2013

**સવાલ ૯**

**ફકરો બીજો**

**ખાલી જગ્યાઓને લેખ પ્રમાણે પૂરવા તમારા પોતાના એક અથવા વધારે શબ્દો લખો.**

**[૬ ગુણ]**

ઇન્ટરનેટને કારણે **(ક)** …………………… **[૧]** નાની બની ગઈ છે. ઇન્ટરનેટે આપણા રોજના જીવનમાં **(ખ)**……………………… **[૧]** છે. હવે આપણે આ સેવા વાપરીને **(ગ)**……………………… **[૧]** મળી શકીએ છીએ અને **(ઘ)**…………………… **[૧]** ભરી શકીએ છીએ. આપણી પાસે ફક્ત કોઈ યોગ્ય યંત્ર અને ઇન્ટરનેટ પ્રોવાઈડર હોવાં જોઈએ. ઇન્ટરનેટ **(ચ)**……………………… **[૧]** સાથે **(છ)**………………… **[૧]** સંપર્ક કરાવી શકે છે.

© OCR 2013

સવાલ ૧૦

ફકરો ત્રીજો

**નીચે આપેલા શબ્દો / શબ્દસમૂહો લેખમાં લીટી દોરીને બતાવવામાં આવ્યા છે. દરેકનો અર્થ <u>તમારા પોતાના શબ્દોમાં ગુજરાતીમાં</u> સમજાવો.** **[૬ ગુણ]**

**(ક)** મુખ્ય લક્ષ્ય

.............................................................................................................................................

.............................................................................................................................................**[૧]**

**(ખ)** આગળ નીકળી ગયું છે

.............................................................................................................................................

.............................................................................................................................................**[૧]**

**(ગ)** શોધખોળ કરતા રહે છે.

.............................................................................................................................................

.............................................................................................................................................**[૧]**

**(ઘ)** રસિક જનો

.............................................................................................................................................

.............................................................................................................................................**[૧]**

**(ચ)** જીવનસાથી

.............................................................................................................................................

.............................................................................................................................................**[૧]**

**(છ)** દિવસે દિવસે

.............................................................................................................................................

.............................................................................................................................................**[૧]**

© OCR 2013

**સવાલ ૧૧**

**ફકરો ચોથો**

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.**

**[૧૦ ગુણ]**

**(ક)** ઇન્ટરનેટ આપણને પકડી રાખે છે તેમ શાના પરથી કહી શકાય?

.......................................................................................................................................**[૧]**

**(ખ)** ઇન્ટરનેટનું બંધાણ આપણા માટે કયા **બે** ગેરફાયદા લાવે છે?

.......................................................................................................................................

.......................................................................................................................................**[૨]**

**(ગ)** ગુનેગારો આપણી બચત ચોરી ન જાય તે માટે આપણે કઈ કાળજી લેવી જોઈએ?

.......................................................................................................................................**[૧]**

**(ઘ)** ભોળા લોકો ઇન્ટરનેટ વાપરતા ગુનેગારોથી કેવી રીતે છેતરાય છે?

.......................................................................................................................................

.......................................................................................................................................**[૨]**

**(ચ)** 'વાઈરસ' આપણા કંપ્યૂટર માટે કઈ કઈ મુશ્કેલીઓ ઊભી કરી શકે?

.......................................................................................................................................

.......................................................................................................................................**[૨]**

**(છ)** બાળકોના ઇન્ટરનેટ વપરાશ પર અંકુશ ન રાખીએ તો શું બની શકે?

.......................................................................................................................................**[૧]**

**(જ)** ઇન્ટરનેટ લાભદાયક થાય તે માટે આપણે શું કરી શકીએ?

.......................................................................................................................................**[૧]**

© OCR 2013

BLANK PAGE

© OCR 2013

## Section C: Writing

*Recommended time for Section C: 1 hour*

**નીચેના સવાલોમાંથી એક ચૂંટો. ગુજરાતીમાં એક નિબંધ લખો. તમારે ઓછામાં ઓછા ૨૫૦ શબ્દો લખવા જોઈએ. તમે ૪૦૦થી વધારે શબ્દો ન લખો તેવી ભલામણ અમે કરીએ છીએ.**

**તમે તમારા નિબંધમાં જે દાખલા અને માહિતી આપો તે ગુજરાતી દેશો અથવા ગુજરાતી સમાજને જ લગતા હોવા જોઈએ.**

**ગુજરાતી (દેશ) અથવા ગુજરાતી (વિશેષણ), એ શબ્દો ગુજરાતી ભાષા બોલાતી હોય એવા કોઈ પણ દેશને લાગુ પડે છે.**

**સવાલો ખાસ પાના પર પણ છાપેલા છે.**

**સવાલ ૧૨ સમાજ: એકતા અને અલગતા**

"ગુજરાતી સમાજના હિન્દુ, મુસલમાન, જૈન, ખ્રિસ્તી અને પારસી લોકો એકબીજાની સાથે હળીમળીને રહે છે." તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? આડોશ-પાડોશ, વ્યાપાર, રાજકારણ, ધર્મસ્થાનો વગેરેને લગતા દાખલા આપીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

**સવાલ ૧૩ સમાજ: બેકારી**

તમારા સમાજ માટે એક લેખ લખો. લેખમાં સમજાવો કે ગુજરાતી લોકોમાં પણ બેકારી વધી રહી છે તેમ છતાં બેકાર બનેલા લોકોએ નિરાશ ન થવું જોઈએ. લોકો કેવી રીતે આ મુશ્કેલીમાંથી પાર ઊતરી શકે છે તે વિશેના તમે જોયેલા ઉપાયોનું સૂચન કરો દા. ત. તેઓ નાના નાના કામ કરી લે છે, નાના નાના ધંધા શરૂ કરે છે અને એકબીજાને સાથ આપે છે.

**સવાલ ૧૪ પર્યાવરણ: વસ્તુઓનો પુન:ઉપયોગ**

"ગુજરાતીઓ તો વર્ષોથી કાગળ, કપડાં અને ઘરની બીજી વસ્તુઓને ફરી ફરીને ઉપયોગમાં લેતા રહ્યા છે." તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? દાખલા આપીને તમારા અભિપ્રાયનું સમર્થન કરો.

**સવાલ ૧૫ પર્યાવરણ: પ્રદૂષણ**

તમારા સમાજના સામયિક માટે ગુજરાતીઓ અને પ્રદૂષણ સંબંધિત એક લેખ લખો. લેખમાં, ગુજરાતી ભાઈ-બહેનો તેમના જીવનમાં કચરો, હવા, પાણી વગેરેનું પ્રદૂષણ ઓછું કરવા શું શું કરી શકે એ વિશે સૂચનો આપો અને તેનાથી થતા ફાયદા વિશે લખો.

© OCR 2013

## સવાલ ૧૬ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિજ્ઞાન: તબીબી પ્રગતિ

"બ્રિટનના ઘણા બધા દર્દીઓ તેમની તબીબી સારવાર માટે ગુજરાતના અમદાવાદ જેવાં શહેરો તરફ વળ્યા છે." આનાં કારણો સમજાવો. તમારો શો અભિપ્રાય છે?

## સવાલ ૧૭ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિજ્ઞાન: વિજ્ઞાનનો વિકાસ

"આધુનિક સાધનોને કારણે ગુજરાતી રસોડાનો ચહેરો બદલી ગયો છે." - એ વિષય પર તમે ભાષણ આપવાના છો. તમારા ભાષણ માટે, પારંપારિક સાધનોની જગ્યા કયાં સાધનોએ લઈ લીધી છે, ખાવાનાની તૈયારી કરવાની અને તેને રાંધવાની રીતોમાં કયા ફેરફારો થયા છે અને આ સારું થયું છે કે ખરાબ તેનું વર્ણન કરો.

## સવાલ ૧૮ સંસ્કૃતિ: સાહિત્ય અને કળા

"યુ.કે.ના ગુજરાતી લોકોને ગુજરાતના ઉત્તમ સાહિત્યમાં રસ પડતો નથી."
તમે આ વાત સાથે સહમત થાઓ છો? તમારાં કારણો આપો.

## સવાલ ૧૯ સંસ્કૃતિ: ઈતિહાસ અને વારસો

તમારા સમાજના પ્રમુખને એક પત્ર લખો. પત્રમાં, શિક્ષણની આધુનિક રીતો વાપરીને ગુજરાતી બાળકોમાં ધર્મ, રીતરિવાજ અને પરંપરાઓની જાણકારી જાળવી રાખવા શું શું કરવું જોઈએ અને આ શા માટે જરૂરી છે તે વિશે સમજાવો.

**[Relevance and point of view: 10 marks]**

**[Structure and Analysis: 15 marks]**

**[Quality of Language: 20 marks]**

© OCR 2013

**For candidates use: Question no.**

© OCR 2013

**For candidates use: Question no.**

© OCR 2013

